## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**વરસાદ આવ્યા પછી કેરી ન ખવાય એ આપણને ખબર પડે છે પણ, આપણે કેરી ખાવાની બાકી હોય ને વરસાદને ન આવવું જોઈએ એ ખબર નથી પડતી...!**

# શહેરમાં સ્માર્ટ વૉટર એટીએમ "સ્માર્ટ ચોઈસ" બન્યાં

## વેકેશનના પગલે સહેલાણીઓથી ઉભરાતા બાગ-બગીચા નજીકના "સ્માર્ટ વૉટર એટીએમ" આશિર્વાદરૂપ બન્યા : શહેરના કોમર્શિયલ વિસ્તારોમાં પણ નાગરિકોની તરસ છીપાવવા ઉપયોગી

ગાંધીનગર, તા. ૧૪

આભેથી વરસતા આકરા તાપમાં થોડી રાહત જરૂર મળી છે પરંતુ બપોરના સમયે હજુ પણ ઉનાળાની ગરમી તેનો અસલી મિજાજ દેખાડી રહી છે. સવારથી સાંજ સુધી અનુભવાતા ઉષ્ણતામાનને લીધે નાગરિકોને વારંવાર પાણી પીવાની જરૂર પડી રહી છે અને આ સંજોગોમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં અનેક ઠેકાણે લગાડવામાં આવેલા "સ્માર્ટ વૉટર એટીએમ" આશિર્વાદરૂપ સાબિત થઈ રહ્યાં છે. ખાસ કરીને અત્યારે વેકેશનનો સમયગાળો ચાલી રહ્યો છે અને શહેરના પિકનિક સ્થળો જેવા કે સરિતા ઉદ્યાન કે સેક્ટર-૨૮ના બાલોદ્યાન વગેરેની નજીક લગાડવામાં આવેલા "સ્માર્ટ વૉટર એટીએમ" સહેલાણીઓને ખૂબ ઉપયોગી નિવડી રહ્યાં છે.

આમ તો શહેરમાં અનેક ઠેકાણે પાણીની પરબો ચાલે છે અન તેમાંથી કેટલીક તો મિરનલ વૉટરની પરબો ચાલે છે પરંતુ તે શહેરના આવાગમનના મુખ્ય માર્ગો તથા એસટી ડેપો નજીક અથવા સિવિલ હોસ્પિટલ કેમ્પસ જેવા સ્થળોએ જ ઉપલબ્ધ છે. શહેરના ગીચ કોમર્શિયલ વિસ્તારો અથવા પર્યટન-પિકનિક સ્થળોએ આવી પરબો ઓછી જોવા મળે છે. જો કે હવે શહેરમાં મહાનગરપાલિકા દ્વારા અનેક સ્થળોએ "સ્માર્ટ વૉટર એટીએમ"ની સેવા શરૂ કરવામાં આવી છે જેમાં રાહત દરે શુદ્ધ મિનરલ પાણી તે પણ ઠંડુ નાગરિકોને પીવા મળી જાય છે જેના કારણે ગરમીમાં ઠંડક સાથે રાહતની લાગણી થવા પામે છે અને શુદ્ધ મિનરલ પાણી પીવાને કારણે પાણીજન્ય રોગો થવાનો ખતરો પણ રહેતો નથી. હાલ વેકેશનના સમયમાં જ્યાં શહેરમાં પર્યટન-પિનિક માટે બાગ-હગીચા લોકપ્રિય છે તેવી જગ્યાએ લગાડેલા "સ્માર્ટ વૉટર એટીએમ" આશિર્વાદરૂપ સાબિત થઈ રહ્યાં છે.




**શહેરમાં કુલ ૧૮ જગ્યાએ સ્માર્ટ વૉટર એટીએમ લગાડાશે**

શહેરમાં પહેલુ "સ્માર્ટ વૉટર એટીએમ" ગત વર્ષે સેક્ટર-૨૧માં શાકમાર્કેટ અને ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર નજીક લગાડાયુ હતુ. હવે શહેરમાં સેક્ટર-૨૮ બાલોદ્યાન, સરિતાઉદ્યાન, કલેક્ટર ઓફિસ, સેક્ટર-૧૧ સુમનટાવર નજીક, પાટનગર યોજના ભવન આગળ, ઘ-૨ નજીક સેક્ટર-૬ના કોમર્શિયલ વિસ્તારમાં વગેરે સ્થળોએ સ્માર્ટવૉટર એટીએમ લગાડાયાં છે. શહેરમાં કુલ ૧૮ સ્થળોએ સ્માર્ટ વૉટર એટીએમ લગાડવાનું આયોજન છે જેમાંથી માત્ર રૂ. ૨નો સિક્કો નાંખવાથી એક ગ્લાસ, રૂ. ૫નો સિક્કો નાંખવાથી એક લીટર, રૂ. ૧૫ ચુકવવાથી ૫ લીટર તથા રૂ. ૨૫ માં ૨૦ લીટર ઠંડુ મિનરલ પાણી મળી રહે છે.

**બગીચામાં રમતા બાળકોને વારંવાર તરસ લાગે છે**

શહેરમાં હાલ સરિતાઉદ્યાન, સેક્ટર-૨૮માં બાલોદ્યાન તથા સ્વર્ણિમ પાર્ક જેવા સ્થળોએ વેકેશનના કારણે બાળકો સાથે સહેલાણીઓનો સપરિવાર ધસારો રહે છે. આવા સ્થળોએ વિવિધ રમતો રમવાને કારણે વારંવાર તરસ લાગે છે જેના કારણે સહેલાણીઓ દ્વારા પોતાની સાથે ઘરેથી લાવેલું પાણી પણ વપરાઈ જાય અને બોટલો ખાલી થઈ જાય છે. આ સમયે "સ્માર્ટ વૉટર એટીએમ" આશિર્વાદરૂપ સાબિત થાય છે. કેમ કે બાળકોને વારંવાર પાણીની જરૂરિયાત પડતી હોય છે અને પછી સ્માર્ટ વૉટર એટીએમ પર લાઈનો લાગે છે.

## રવિવારે પંચદેવ મંદિરે રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગરમાં ઉનાળાની ગરમીના પગલે રક્ત યુનિટ્સની સર્જાતી અછતને પહોંચી વળવા સેક્ટર-૨૨ વસાહત મંડળ દ્વારા આગામી તા. ૧૯મી મે રવિવારના રોજ સવારે ૮ થી બપોરના ૧૨ વાગ્યા સુધી પંચદેવ મંદિર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પમાં રક્તદાન કરનાર રક્તદાતાઓને ડોનર કાર્ડ, સર્ટિફિકેટ તથા શુભેચ્છા ભેટ થકી સન્માનવામાં આવશે. રક્તદાનમાં ભાગ લેવા ઈચ્છતા રક્તદાતાઓ મો. નં. ૯૮૨૪૨-૭૩૫૦૩ અથવા ૯૮૯૮૦-૬૫૦૧૫ પર સંપર્ક સાંધી શકશે.

# ગાંધીનગર દલિત સેના દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

## દલિત સેના દલિતો પ્રત્યે થતા અપમાન અને અત્યાચારને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે

ગાંધીનગર, તા.૧૪

સ્વતંત્રના ૭૨ વર્ષ પછી પણ વાઈબ્રન્ટ ગુજરાતમાં દલિતો પ્રત્યે અપમાન અને અત્યાચાર થઈ રહ્યો છે જે દુખની બાબત છે. આજે જીંદગીના મહત્વના લગ્ન પ્રસંગે વરઘોડો અટકાવવામાં આવે છે. ભારતના વાઈબ્રન્ટ ગુજરાતમાં દલિતો પ્રત્યે ભેદભાવ ભર્યું વર્તન કરવામાં આવે છે. વડાલીના ગજીપુરમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે દલિત યુવાનનો વરઘોડો કાઢવો પડ્યો હતો. જયારે પ્રાંતિજના સીતવાડામાં દલતિ યુવકના લગ્ન પ્રસંગે ગરબા ન રમાય તે માટે ચોકમાં પાણી ઢોળી દેવામાં આવે છે. આમ દલિતો પ્રત્યે આજે પણ સમાજમાં નાગરીકો દ્વારા દ્રોહ કરવામાં આવે છે. ગુજરાતમાં આ પ્રકારે જાતિવાદનું ઝેર કોણ ફેલાવી રહ્યું છે તેની તપાસ કરી આવા અસામાજીક તત્વો સામે સરકાર દ્વારા કડક પગલા લેવામાં આવે તેવી માંગ દલિત સેના પ્રમુખ ગાંધીનગર



બાબુભાઈ મેસરવાળા અને ડો.ગુલાબચંદ પટેલ સંસ્થાના ઉપપ્રમુખ મહેશ પટેલ દ્વારા કરવામાં આવી છે. આ પ્રસંગે સંસ્થાના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ અંગે કલેકટર ગાંધીનગરને દલિત સેના દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું છે. ગુજરાતમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે દોષિત ને આકરી સજા ફટકારવામાં આવે, નહીં તો દલતિ સેના દ્વારા આગામી સમયમાં ઉગ્ર વિરોધ કરવામાં આવશે તેવી ચિમકી દલિત સેના ગાંધીનગર દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

# રહેણાંકને લાયક આવાસોના અભાવ વચ્ચે નવી ભરતીના કર્મચારીઓને માથે સરકારી છત નસીબ થતી નથી

## ફીક્સ પગારના કર્મચારીઓને ભાડાના મકાનમાં રહેવાનુ પોષાતુ નથી : ફીશરીઝ એમ્પલોઇઝ ફેડરેશને આવાસના મામલે મુખ્યમંત્રીને પણ રજુઆત કરી : જ કક્ષાના આવાસોમાં પાંચ વર્ષ સુધી નંબર લાગે તેમ નથી : એસોસિએશન

ગાંધીનગર તા ૧૪

શહેરમાં ખંડેર બનતા સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય રહ્યા નથી. જયારે નવા મકાનો બાંધવાની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. પરંતુ નવા કર્મચારીઓની ભરતીના અંતે આવાસના મામલે લાંબી થતી કર્મચારીઓની પ્રતિક્ષા યાદીના લીધે આવાસની ફાળવણીનુ કામ વધુ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં કર્મચારીઓને આગામી પાંચ વર્ષ સુધી જ કક્ષાના આવાસો ફાળવી શકાય તેવી સ્થિતિ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. ત્યારે આ મામલે કર્મચારી એસોસિએશન કક્ષાએથી મુખ્યમંત્રીને પણ નવી ભરતીના કર્મચારીઓ માટે આવાસની વ્યવસ્થા થાય તેવુ આયોજન કરવા માંગણી કરવામાં આવી છે.

શહેરમાં સરકારી આવાસોની સંખ્યામાં દિનપ્રતિદિન ઘટાડો થઈ રહ્યો છે. અલબત્ત કંગાળ અને જોખમી આવાસો તોડવામાં આવી રહ્યા છે. જયારે સેકટરોમાં નવા મકાનો બાંધવા માટે પણ યોજના આરંભી દેવામાં આવી છે. અલબત્ત અત્યાર સુધી સે-૭,



સે-૨૯ અને સે-૩૦ માં નવી ટાવર કોલોની બાંધી દેવામાં આવી છે. જેમાં સરકારી કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. પરંતુ શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના મકાનો તોડવા માટે સર્વે હાથ ધરાયા બાદ જગ્યા ખુલ્લી કરવા માટે મકાનો તોડવાની કામગીરી પણ ઝડપથી શરૂ કરવામાં આવી છે. બીજીતરફ તંત્રના ચોપડે આવાસોના મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. એકબાજુ આવાસોની માંગ વધી રહી છે. જયારે બીજીતરફ માર્ગ મકાન વિભાગ પાસે રહેણાંકને લાયક મકાનો જ રહ્યા નથી. આ મામલે ગુજરાત ફીસરીઝ ડિપાર્ટમેન્ટ એમ્પલોઈઝ ફેડરેશનના હોદેદારોએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પણ રજુઆત કરી છે. જેમાં એસોસિએશનના મહામંત્રી કલ્પેશ પટેલે રજુઆતમાં જણાંવ્યા મુજબ સરકારી વિભાગોમાં કર્મચારીઓની ભરતી કરવામાં આવે છે. જયારે આ કર્મચારીઓને સરકારી કવાર્ટસ પણ મળતા નથી. જુના અને જર્જરિત આવાસોના લીધે ફીક્સ પગારના કર્મચારીઓને આવાસ ફાળવવાનુ મુશ્કેલ બન્યુ છે. જયારે આ કર્મચારીઓએ નાછુટકે ભાડાના મકાનમાં રહેવુ પડે છે.

જયારે આ મોંઘવારીના સમયમાં ફીક્સ પગારના કર્મચારીઓને ભાડના મકાનમાં રહેવાનુ પોષાય તેમ નથી. જયારે નવા બનતા આવાસોમાં મોટાભાગે જુના કર્મચારીઓને ટ્રાન્ફર કરવામાં આવે છે. જયારે જ કક્ષાના આવાસમાં આગામી પાંચ વર્ષ સુધી કવાર્ટસ મળે તેવી શક્યતા નથી. ત્યારે જુના અને ખંડેર મકાનોનો રીનોવેશનનુ કામ હાથ ધરાય તે પણ અનિવાર્ય છે. આ ઉપરાંત નવા મકાનો બાંધવાનુ કામ પણ ઝડપથી પુર્ણ થાય તેવુ આયોજન કરવા માટે પણ કર્મચારીઓએ માંગણી કરી છે. કર્મચારીઓને નજીકમાં રહેણાંકનુ મકાન મળે તે મુજબની વ્યવસ્થા ઝડપથી ગોઠવાય તેવી માંગ પણ એસોસિએશને કરી છે.

# દલિત વિરોધી મોદી સરકારનો બહિષ્કાર : જીગ્નેશની ચિમકી

## દલિતોના સામાજિક બહિષ્કાર મુદ્દે ૧૮મીએ સાણંદ નાની દેવકી ગામ અને ૨૨મીએ કડીના લ્હોરમાં દલિત સંમેલન

ગાંધીનગર, તા.૧૪

દલિતોને વરઘોડો નહી કાઢવા દેવાના વિવાદમાં આજે દલિત યુવા નેતા અને વડગામના અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ



ઝુકાવ્યું હતું અને આ સમગ્ર મામલે ભાજપ સરકાર અને પોલીસ તંત્રને આડાહાથે લીધા હતા. મેવાણીએ દલિતોનો બહિષ્કાર કરનારી દલિત વિરોધી ભાજપ સરકારનો હવે ગુજરાત સહિત દેશભરમાં સામાજિક બહિષ્કાર કરવાની ઘોષણા કરી હતી. જેના ભાગરૂપે આગામી તા.૧૮મી મેના રોજ સાણંદની નાની દેવકી ગામ અને તા.૨૨મી મેના રોજ કડીના લ્હોર ગામે વિશાળ દલિત સંમેલન બોલાવવામાં આવ્યું છે. અરવલ્લીના મોડાસાના ખંભીસર, પ્રાંતિજના સીતવાડા અને કડીના લ્હોર, પ્રાંતિજના બોરીયા અને વડાલીના ગાજીપુર ગામે દલિતોના લગ્નપ્રસંગમાં વરઘોડો નહી કાઢવા દેવા બદલ અને ઉલ્ટાનું પોલીસ તંત્ર દ્વારા દલિતોને જ ટાર્ગેટ બનાવી થઈ રહેલા અત્યાચારને લઈ આજે અમદાવાદમાં જીગ્નેશ મેવાણીએ એક મહત્વની મેવાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. મેવાણીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા એક સપ્તાહમાં દલિતોને વરઘોડો નહી કાઢવા દેવાની સામે આવેલી પાંચથી છ ઘટનાઓ ગુજરાત માટે કલંકિત અને શરમજનક છે. ભાજપ સરકારના કુશાસનમાં હવે દલિતો માટે ગુજરાત જાણે નર્કસમાન બની રહ્યું છે. આટલી ગંભીર ઘટનાઓ ઘટવા છતાં હજુ સુધી રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી, ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે ભાજપના દલિત ધારાસભ્યો કે નેતાઓ એકપણ શબ્દ બોલ્યા નથી અને માત્ર મૂકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યા છે. મુખ્યમંત્રીએ ગુજરાતની જનતાને દલિતો પર અત્યાચાર નહી કરવા અનુરોધ સુધ્ધાં કર્યો નથી. આ પ્રકારની ઘટનાઓ બનવા છતાં મુખ્યમંત્રી દલિતોના મિત્ર બન્યા નથી. એટલું જ નહી, આટલી ગંભીર ઘટનાઓ છતાં મુખ્યમંત્રી, ગૃહમંત્રી, ડીજીપી કે ભાજપના નેતાઓએ હજુ સુધી એકપણ ગામની મુલાકાત લીધી નથી. મેવાણીએ ખંભીસરના કિસ્સામાં દલિતોને ગાળો ભાંડનાર અને બેહૂદુ વર્તન કરનાર અરવલ્લી ડીવાયએસપી ફાલ્ગુની પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા અને તેમની વિરૂધ્ધ એટ્રોસીટી એકટ હેઠળ ગુનો નોંધવા માંગણી કરી હતી.

# અડાલજ નર્મદા કેનાલમાંથી પુરુષનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલી અડાલજ નર્મદા કેનાલમાંથી મંગળવારના રોજ બપોરના સુમારે કેનાલમાં એક મૃતદેહ તરતો નજરે પડ્યો હતો. બનાવની જાણ ત્તાત્કાલીક અડાલજ પોલીસને કરતા પોલીસ જવાન સંદિપભાઈ કેનાલ ખાતે પહોંચી ગયા હતા અને મૃતદેહને બહાર કઢાવીને પીએમ અર્થે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આશરે ૪૦થી ૪૫ વર્ષિય પુરુષનો મૃતદેહ છે.બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# ગાજવીજ-પવન સાથે અનેક ભાગોમાં વરસાદની શક્યતા

## ૪૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાશે : અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર સહિત ઘણા ભાગમાં પારો ૪૧થી પર રહ્યો : બપોરમાં તીવ્ર ગરમીનો અનુભવ

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર - અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં આજે ફરી એકવાર તોફાની પવન સાથે ગાજવીજ સાથે વરસાદ અને હળવા તોફાનની ચેતવણી જારી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં ગાજવિજ સાથે વરસાદ અને પવનની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગો જેમ કે રાજકોટ, અમરેલી અને કચ્છના વિવિધ ભાગોમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. બીજી બાજુ અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન વધીને ૪૧ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૫ ઉપરાંત ગાંધનગરમાં ૪૧.૪ અને સુરેન્દ્રનગરમાં ૪૧.૮ ડિગ્રી સુધી તાપમાન રહ્યું હતું. અમરેલીમાં ૪૦.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. આ ઉપરાંત વડોદરા, વીવીનગર, અમરેલી, રાજકોટમાં પારો ૪૦થી ઉપર રહ્યો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આયું છે કે, ગરમી અકબંધ રહેશે. પારો ૪૧ અને ૪૨ની વચ્ચે રહેશે. જાણકાર લોકોનું કહેવું છે કે, આજે અમદાવાદ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહ્યું હોવા છતાં બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઇ ફેરફાર થયાની શકયતા નહીંવત દેખાઈ રહી છે. યલો એલર્ટની જાહેરાત કરવામાં આવ્યા બાદ કેટલીક સલાહ પણ આપવામાં આવી છે.

કોર્પોરેશન તરફથી કહેવામાં આવ્યું છે કે હાલમાં વાયરલ ઈન્ફેકશન અને ગરમીથી બચવા માટે લોકોએ કામ વગર બપોરના ગાળામાં ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં. સાથે સાથે સાથે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું સેવન કરવું જોઈએ. હળવા રંગના સુતરાઉ કપડા પહેરવા અને તડકામાં ફરવાનું ટાળવું જોઈએ. હવામાન વિભાગના કહેવા મુજબ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં હાલમાં કોઈ વધારે ફેરફારની સ્થિતિ જોવા મળશે નહીં. હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી જેથી સામાન્ય લોકોને રાહત થઈ છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ગઈકાલે હવામાનમાં પલટો આવ્યો હતો અને ગાજવીજ સાથે વરસાદ થયો હતો. રાજકોટના ગોંડલમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. કેટલાક અન્ય વિસ્તારમાં પણ કરા સાથે વરસાદ થયો હતો. હવામાનમાં એકાએક પલટો આવતા ધુળ ભરેલ આંધી પણ ચાલ હતી. જોકે, ગુજરાતમાં કેટલાક ભાગોમાં પારો ફરી વધી ગયો હતો.

# સિંહોને બચાવવા ફાઈબર બ્રેક્સ ટેકનિકનો ઉપયોગ કરાશે

હવે રેલવે ટ્રેક પર સિંહોનાં અકસ્માતે કે અકાળે નીપજતા મોતને અટકાવવાના ભાગરૂપે તંત્ર દ્વારા બહુ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે ટ્રેક પર સિંહોનાં મોતને અટકાવવા માટે હવે ફાઈબર બ્રેક્સ ઓપ્ટીકલ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. જૂનાગઢ રેન્જ આઈ.જી.ની અધ્યક્ષતામાં મોનીટરીંગ કમિટીની બેઠક મળી હતી. વનતંત્ર, રેલવે સહિતનાં અધિકારીઓની હાજરીમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં જ રેલ્વે ટ્રેક પર સિંહોના કપાઈ જવાથી મોતની ગંભીર ઘટનાઓ સામે આવી હતી અને ખુદ ગુજરાત હાઈકોર્ટે પણ તેની ગંભીર નોંધ લઈ રાજય સરકારને રેલ્વે ટ્રેકથી સિંહોને બચાવવા નકકર અને અસરકારક પગલાં લેવા મહત્વનો આદેશ કર્યો હતો. જેના અનુસંધાનમાં સરકારના સત્તાવાળાઓએ મહત્વની કવાયત હાથ ધરી હોવાનું મનાઈ રહ્યું છે. ફાઈબર બ્રેકસ ઓપ્ટીકલ ટેકનોલોજીથી ટ્રેનના ચાલકને એલાર્મથી જાણકારી મળશે. રેન્જ આઈ.જીની અધ્યક્ષતામાં સિંહનાં રહેણાંક વિસ્તારમાં અનધિકૃત પ્રવૃત્તિ તથા શંકાસ્પદ લોકોની અવરજવર પર નિયંત્રણ રાખવા માટે મોનીટરીંગ કમીટીની બેઠક મળી હતી.

# દેવેન્દ્રસિંહ રાઠોડની પત્નીની આત્મ વિલોપન માટે ધમકી

અમદાવાદ,તા. ૧૪

પીએસઆઈ દેવેન્દ્રસિંહ રાઠોડની આત્મહત્યાના ચકચારભર્યા કેસમાં હજુ સુધી પોતાને ન્યાય નહી મળતાં સ્વર્ગસ્થ પીએસઆઈની પત્ની ડિમ્પલ રાઠોડે હવે સમગ્ર મામલામાં સીબીઆઈ તપાસની માંગણી કરી છે. એટલું જ નહી, જો તેને આ કેસમાં સાત દિવસમાં ન્યાય નહી મળે તો, વિધાનસભા ખાતે આત્મવિલોપન કરવાની ગંભીર ચીમકી ઉચ્ચારી છે. તેણીએ રાજય સરકાર અને પોલીસ પર પણ આકરા પ્રહાર કર્યા હતા કે, ગત તા.૭ ફેબ્રુઆરીએ પોલીસ કમિશનરે પણ ન્યાયની ખાતરી આપી હતી કે મૃતક પણ પોલીસકર્મી જ છે, ન્યાય મળશે. પરંતુ પાંચ મહિનાથી આરોપી પકડાયો નથી. હવે મને સરકાર અને પોલીસ પર સહેજ પણ ભરોસો રહ્યો નથી. ચાર મહિના બાદ પણ હજુ અમને ન્યાય નથી મળ્યો, જે બહુ આઘાતજનક વાત છે. ઉલ્લેખનીય છે કે, પીએસઆઈ દેવેન્દ્રસિંહે ગત તા.૩૧ ડિસેમ્બર ૨૦૧૮માં આત્મહત્યા કરી લીધી હતી. ૨૦૧૬-૨૦૧૭ની બેચના ૫૦૦ પીએસઆઈમાંથી ગુજરાતના નંબર વન ગોલ્ડ મેડાલિસ્ટ પીએસઆઈ દેવેન્દ્રસિંહ સત્યેન્દ્રસિંહ રાઠોડે કરાઈ એકેડેમીના તાલીમાર્થી ડીવાયએસપી એન.પી.પટેલના ત્રાસથી આત્મહત્યા કરી હોવાનો સુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો હતો. પીએસઆઈ તરીકે પોસ્ટિંગ મળે તેના છ દિવસ પહેલાં ઘરના પહેલા માળે બેડરૂમમાં ગળાથી થોડે ઉપર દાઢીના ભાગે રિવોલ્વરથી ગોળી મારી તેમણે આત્મહત્યા કરી હતી. આત્મહત્યા પહેલા દેવેન્દ્રસિંહે ત્રણ પાનાની ચિઠ્ઠી લખી હતી, જેમાં લખ્યું હતું કે, હું મદદનીશ નિયામક આઉટડોર (ડીવાયએસપી એન.પી.પટેલ)ના ત્રાસથી આત્મહત્યા કરું છું. તે મને માનિસક ત્રાસ આપે છે, ઓફિસમાં બોલાવીને ખખડાવે છે, ખોટી માંગણી કરે છે. એટલે મારી પાસે આત્મહત્યા સિવાય કોઈ વિકલ્પ નથી. આ મરતા માણસની છેલ્લી ઈચ્છા છે કે, એન.પી.પટેલને નોકરીમાંથી કાયમ માટે બરતરફ કરવો અને યોગ્ય તપાસ બાદ આજીવન કેદ કરવામાં આવે. મારે ત્રણ વર્ષની નાની પુત્રી છે. મરણ પછી એનું કોણ ધ્યાન રાખશે? આ સવાલ મારા મગજમાં હંમેશથી હતો, પણ એન.પી.પટેલના ત્રાસથી તે વિચાર મેં ત્યાગી દીધો છે.